જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

પુષ્ટિપ્રવાહમર્યાદા

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) સંન્યાસનિર્ણય દર્શનભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૪૦,૦૦૦
(૨) કૃષ્ણાશ્રય દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૨૫,૦૦૦
(૩) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૨૫,૦૦૦
(૪) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૪૦,૦૦૦
(૫) તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા	ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૦,૦૦૦
(૬) પુષ્ટિમાર્ગીય વિવેક	ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૨૦,૦૦૦
(૭) ષોડશગ્રન્થ સરળસાર	ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫,૦૦૦
(૮) જીવનનો સર્વ શ્રેષ્ઠ પ્રકાર	સૌ.શ્રીવ્રજલતાવહુજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૯) બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી	ગુજરાતી	૧૫,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતાં પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટો.	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટો.	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૫	વડોદરા શિબિર	૧૦	૨૦૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા વચનામૃત	૧	૨૦
૧૮) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૧૯) યમુનાષ્ટક ૧-૨-૩-૪-૫	મુંબઇ-વચનામૃત	૭	૧૪૦
૨૦) વિવેકધૈર્યાશ્રય	મુંબઇ-વચનામૃત	૭	૧૪૦
૨૧) ભક્તિવર્દ્ધિની	મુંબઇ વચનામૃત	૩	૬૦
૨૨) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૩) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૨૪) રાસપંચાધ્યાયી	મુંબઇ વચનામૃત	૩	૬૦
૨૫) ગોપીગીત	મુંબઇ વચનામૃત	૨	૪૦
૨૬) દાનલીલા	મુંબઇ વચનામૃત	૧	૨૦
૨૭) યુગલગીત	મુંબઇ વચનામૃત	૧	૨૦
૨૮) ભ્રમરગીત	મુંબઇ વચનામૃત	૧	૨૦
૨૯) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ વચનામૃત	૨	૪૦
૩૦) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૧) કીર્તન-ભાવાર્થ શિબિર ભાગ-૧ / ૨	અમદાવાદ શિબિર	૪	૮૦
૩૨) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૩) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૪) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૫) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૬) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૭) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૮) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૩૯) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૦) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૧) શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૨) વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૩) ભક્તિહંસ -૧	વડોદરા (નૂ.ભા.)શિ	૧	૨૦
૪૪) ભક્તિહંસ-૨	વડોદરા(કારેલી.)શિ	૧	૨૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

અનુસંધાન કવરપેજ-૨ નું ચાલુ

જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

નવરત્ન

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal.@gmail.com**

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈ એક પુસ્તકનો ખર્ચ કોઈ એક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૩૦,૦૦૦
(૨) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૪૫,૦૦૦
(૩) શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૨,૦૦૦
(૫) શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૫,૦૦૦
(૬) બ્રહ્મસમ્બન્ધ (બ્રહ્મસમ્બન્ધ અંગેના પ્રશ્નો અને તેના ઉત્તરો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૮,૦૦૦
(૭) શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ કૃત-'ન્યાસાદેશ'વિવરણ	અનુવાદ-ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૮) શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠેશ્વરજી	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૦૮,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

	વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩)	સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭)	સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮)	ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯)	ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦)	ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧)	ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨)	એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩)	ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪)	ભક્તિવર્ધિની ભાગ-૨	વજેશ્વરી શિબિર	૨	૪૦
૧૫)	ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬)	ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭)	ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮)	વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯)	સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦)	યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧)	વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨)	ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩)	નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪)	રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫)	ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

૨૬)	દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭)	યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮)	ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯)	સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦)	નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧)	ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨)	કીર્તન-ભાવાર્થ શિબિર -૧-૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩)	સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪)	સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫)	સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬)	ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭)	ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮)	પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯)	ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦)	સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧)	ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨)	શ્રીમદ્‌ભગવદ્‌ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩)	વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪)	ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫)	વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬)	ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭)	ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮)	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯)	અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦)	પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧)	અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨)	ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩)	વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

નવરત્ન

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -

વસુધાબેન દિનેશભાઈ શાહ એ-૬૬, અશોક સોસાયટી, લાયન્સ હોલ સામે,
રેસકોર્સ, વડોદરા-૩૯૦ ૦૦૭. ફોન નં.૨૩૫૪૨૧૩

ના સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
‘શ્રીરાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal.@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. શ્રીચુનીભાઈ જી.શાહ, કૃષ્ણકાન્તભાઈ ટી.શાહ, વિનોદભાઈ એન.શાહ
‘‘શ્રીરાધાકૃષ્ણકુંજ’’ બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - રૂા. ૫-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી નવરત્ન ગ્રન્થ સરળ અન્વય અને સરળ ટિપ્પણ ભાવાર્થસહિત શિબિરાર્થીઓના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫, વર્ષ ૨૬ થી ૪૦ તથા ૪૦થી ઉપરના વયસ્કો તથા બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓ ને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી, તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તિકામાં અન્વય-ભાવાર્થ તથા શ્રીપુરુષોત્તમજીની ટીકાના શ્રીગુસાંઇજીની ટીકાના આશયને સાથે રાખીને લખવામાં આવ્યું છે. તે ઉપરાંત આ ગ્રન્થની જાણકારી માટે ગ્રન્થ પરિચયના રૂપમાં અમારા દ્વારા લખાયેલ 'ષોડશગ્રન્થ સરળ સાર' પુસ્તકમાંથી ઉદ્ધૃત કરીને 'નવરત્ન સરળ સાર' નામે અલગથી આપવામાં આવેલ છે.

મને વિશ્વાસ છે કે આ પુસ્તિકા, આ ગ્રન્થનું અધ્યયન કરનાર જિજ્ઞાસુ જનોને ખૂબ જ સુગમ અને ઉપયોગી નીવડશે.

આ પુસ્તિકાના પ્રકાશનમાં દ્રવ્ય સહયોગકર્તા વસુધાબેન દિનેશભાઈ શાહ-વડોદરા તેમની શ્રીમહાપ્રભુજીની વાંગ્મય સેવામાં તત્પરતા બદલ અનેક ધન્યવાદો. તેમની આ નિષ્ઠા-ભાવના સદૈવ બની રહે અને તેમનાં પરિવાર પર પ્રભુ સદૈવ કૃપા દૃષ્ટિ બનાવી રાખે એ જ શુભાભ્યર્થના.

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય**
ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

નવરત્ન (સરળસાર)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'ષોડશગ્રન્થો સરળસાર' માંથી ઉદ્ધૃત)

નવરત્ન ગ્રન્થની રચના શ્રીવલ્લભાચાર્યજીએ વિ.સં.૧૫૫૮માં પ્રયાગ (અલાહાબાદ) પાસે યમુના કિનારે વસેલ અડેલ ગામમાં કરી હતી. ચોર્યાસી વૈષ્ણવો પૈકી ખેરાલુના શ્રીગોવિન્દ દવે સાંચોરાને માટે એમના પત્રના ઉત્તરમાં આ ગ્રન્થ શ્રીવલ્લભાચાર્યજીએ લખીને મોકલી આપ્યો હતો. આ ગ્રન્થમાં કુલ નવ શ્લોકો છે.

આ ગ્રન્થની રચના શ્રીગોવિન્દ દવેની ચિન્તા નિવૃત્તિ અર્થે થઈ છે. એમનું મન દ્વારકા લીલામાં અને શ્રીકૃષ્ણના દ્વારકાધીશ શ્રીરણછોડરાયમાં વધુ હતું તેમજ તેમનું મન તીર્થ, જપ, વ્રત વગેરેમાં અધિક હતું અને ઘરે વ્રજલીલાની સ્વરૂપની સેવા બિરાજતી હતી તેથી સેવામાં જઈને પણ તેમનું ચિત્ત સેવામાં લાગતું નહિ અને તીર્થ-જપ-વ્રતમાં વારે ઘડીએ જતું હતું અને તેથી કરીને બંને બાજુ તેમનું ચિત્ત સ્થિર બનતું ન હતું તેથી તેમને ચિત્તની સ્થિરતા બાબત ચિન્તા હતી જે એમણે શ્રીમહાપ્રભુને પત્ર દ્વારા લખી મોકલી, જેના ઉત્તરમાં આ ગ્રન્થ રચી શ્રીગોવિન્દ દવેને મોકલી આપ્યો અને જણાવ્યું આનો બરાબર પાઠ કરતા રહેવાથી ચિન્તા દૂર થઈ જશે.

આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે જે વૈષ્ણવો બ્રહ્મસમ્બન્ધ દ્વારા આત્મનિવેદન કરેલા અને ભગવાનની શરણાગતિ સ્વીકારેલા હોય તેમણે કેવળ મન નહિ લાગવા બાબતની જ નહિ પણ કોઈ પણ બાબતની ક્યારેય ચિન્તા કરવી નહિ. કારણ કે એક વાત નક્કી છે કે આત્મનિવેદન વડે જેમનો ભગવાને અંગીકાર કર્યો છે તે અંગીકાર પુષ્ટિમાં બિરાજીને અત્યન્ત અનુગ્રહપૂર્વક કરેલો છે. તેથી તેવા વૈષ્ણવોની લોક સંબન્ધવાળી કે વેદ સંબન્ધવાળી મોક્ષ

પ્રાપ્તિ વગેરે ગતિ તો ભગવાન નહિ જ કરશે - તેની માત્ર કૃષ્ણ-ગતિ કૃષ્ણ સમ્બન્ધની જ ગતિ થશે તેથી મનમાંથી સેવામાં અવરોધ કરનારી એવી ચિન્તાને મનથી સર્વથા દૂર રાખવી.

ચિન્તા કરવી એ જીવ સ્વભાવ છે અને જીવ સ્વભાવ હોવાથી કેમે કરીને પણ ચિન્તા ઉદ્ભવી જ જાય છે. ચિન્તા એ આનન્દ વિરોધી છે તેથી ચિન્તા મનમાં આવવાથી ભગવત્સેવામાં આનન્દ નહિ થઈને મન વધુ ચંચળ બની જાય છે. આવી સ્થિતિમાં પુષ્ટિ સાધના કરી રહેલા વૈષ્ણવને પોતાની સાધનાની સફલતામાં સંદેહ થઈ જાય છે કે હું જે પુષ્ટિમાર્ગની રીતે શ્રીવલ્લભાચાર્યજીના બતાવ્યા અનુસાર વર્તી રહ્યો છું અને ભગવત્સેવા કરી રહ્યો છું તે બરાબર છે કે કેમ ? આ માટે હું યોગ્ય છું કે કેમ ? અને આ સાધનાનું પરિણામ શું ? ભગવાનની પ્રસન્નતારૂપી ફળ થશે ? કે પછી સેવામાં મન નહિ લાગતું હોવાથી સંસારનું ફળ થશે ? જો સંસારનું જ ફળ થવાનું હોય તો ભગવાનની અપ્રસન્નતા છે એ નક્કી છે અને એમ હોય તો ભગવાનને અપ્રસન્નતાનો પરિશ્રમ આપી સેવા કરવાનો શો અર્થ ? એમ વિચારી સેવાનો ત્યાગ કોઈ કરે તો શ્રીમહાપ્રભુ આ ગ્રન્થ દ્વારા જણાવે છે કે પોતાના સ્વાર્થે કે ભગવાનના અર્થે કે ભગવાનની સેવા સમ્પન્ન કરવાના અર્થે કોઈ પણ પ્રકારની ચિન્તા તો ન જ કરવી.

ચિન્તા વિષયમાં આ ગ્રન્થ ઉપરની ટીકામાં શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ ચિન્તાના જુદા-જુદા પ્રકારો જણાવે છે જે આ મુજબ છે - (૧) બધું સમર્પણ કર્યા પછી પોતાનો દેહ નિર્વાહ કઈ રીતે કરવો ? ભગવાનને નિવેદન કરેલા પદાર્થથી દેહનિર્વાહ કરવામાં આવે તો ભગવાનની ઈચ્છા મને આપવાની છે કે નહિ એ જાણ્યા વિના કરાય તો દોષ લાગે અને જો ભગવાનને નિવેદન નહિ કરેલા પદાર્થથી દેહ નિર્વાહ કરવામાં આવે તો દાસ ધર્મ નષ્ટ થાય ? (૨) પોતાની કુટુંબ વગેરેમાં આસક્તિ હોઈને પણ ભગવાન ઉપેક્ષા નહિ કરશે એમ વિચારે ભગવાનની સેવા માટે તો સાધનો ભેગા કરવા પ્રયત્ન કરવો જ જોઈએ એમ વિચારી પ્રયત્ન કરતાં પોતાનામાં સ્વચ્છન્દતા આવી બહિર્મુખ થઈ જવાય તો? (૩) પોતાના દેહ વગેરેનું ભગવાનને સમર્પણ કર્યા પછી પોતાના સ્ત્રી પુત્ર વગેરે અર્થે પોતાના દેહ-પૈસો વગેરે વપરાય અને તેટલા અંશમાં તે ભગવત્સેવામાં નહિ વપરાય તો સ્વધર્મ હાનિ થાય ? (૪) પોતે વ્યવહારમાં રહેલો હોવાથી અનિવેદિત-અભક્ત લોકોનો પણ સંસર્ગ થાય છે અને તેમનો સંસર્ગ ભાવ વિઘાતક -સાધના વિઘાતક હોય છે તો શું કરવું ? (૫) પોતે બધું જ ભગવાનને નિવેદન કર્યું છે પણ ભગવાન તેને ન સ્વીકારે તો ? ભગવાને પોતાના નિવેદનનો સ્વીકાર કર્યો છે ? કે નહિં કર્યો હોય ? (૬) પોતે વ્યવહાર-પ્રવાહમાં રહેલ હોવાથી પોતે ભગવત્સેવામાં પરાયણ રહેતા હોય ત્યારે વ્યાપાર વગેરે કે પછી વર્ણ કે આશ્રમ ધર્મનો નિર્વાહ કરવામાં બાધા વિઘ્ન આવતા રહે તો શું કરવું ? (૭) કદાચિત્ પુત્ર-પત્ની વગેરેનો વિયોગ થવો વગેરે અવશ્યંભાવિ દુઃખો આવી પડે અને ત્યારે ચિત્તમાં ઉદ્વેગ થાય તો શું કરવું ? (૮) કાલ-કર્મ-સ્વભાવને લઈને સેવામાં પ્રતિબન્ધ આવતા હોય તો શું કરવું ? (૯) સદ્ગુરુ વડે શ્રવણ કરવાથી જે શ્રવણ કર્યું છે તેનું કીર્તન કરાય અને તેનું સ્મરણ કરાય એમ શ્રવણથી આત્મનિવેદન સુધીની નવ પ્રકારની ભક્તિ સાધન છે, તો આ પ્રકારનું શ્રવણ કરાવનાર ગુરુ જો દુર્લભ હોય તો શું કરવું ?

ઉપર મુજબની બધી જ ચિન્તાના ઉપાયો આ ગ્રન્થમાં જણાવતાં શ્રીમહાપ્રભુ સહુથી છેલ્લે કહે છે કે પોતાનાથી શક્ય કે અશક્ય સર્વ બાબતોમાં શ્રીકૃષ્ણના જ શરણને વિચારી શરણ મંત્ર અષ્ટાક્ષર (શ્રીકૃષ્ણઃ શરણં મમ) નું રટણ અને ચિન્તન કરતાં પોતે પોતાની જાતને કૃષ્ણસેવામાં પરોવી રાખવું પણ પ્રસંગો સામે ઝુકી પડી ચિન્તાવશ સેવાનો ત્યાગ ક્યારેય કરવો નહિ.

* * *

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

નવરત્ન

ચિન્તા કાડપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાડપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥ ૧ ॥

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોડન્યવિનિયોગેડપિ ચિન્તા કા સ્વસ્ય સોડપિ ચેત્ ॥ ૩ ॥

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।
વિનિયોગેડપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥ ૫ ॥

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાડખિલાઃ ॥ ૬ ॥

સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭ ॥

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્–યદ્કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥ ૮ ॥

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિતં નવરત્નં સમ્પૂર્ણમ્ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

નવરત્ન

(અન્વય-ભાવાર્થ સહિત)

ચિન્તા કાડપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાડપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ॥ ૧ ॥

અન્વય : નિવેદિતાત્મભિઃ – જેમણે પોતાનો દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ અને આત્મા ભગવાનને નિવેદન કર્યા છે તેમણે, **કદા** – ક્યારેય, **અપિ** – પણ, **કા** – કોઈ, **અપિ** – પણ, **ચિન્તા** – ચિન્તા, **ન** – નહીં, **કાર્યા** – કરવી, **ઈતિ** – કારણ કે, **ભગવાન્** – ભગવાન્ પ્રભુ શ્રીકૃષ્ણ, **અપિ** – પણ, **પુષ્ટિસ્થઃ** – પુષ્ટિમાં સ્થિતિ કરેલ છે (તેથી), **લૌકિકીમ્** – લૌકિક-લોક સમ્બન્ધવાળી, **ચ** – અને વૈદિકી-વેદમાં કહેવાયેલી, **ગતિમ્** – ગતિ, **ન** – નહીં, **કરિષ્યતિ** – કરશે **॥ ૧ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – જેમણે પોતાનો દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ અને આત્મા ભગવાનને નિવેદન કર્યા છે તેમણે ક્યારેય (પરીક્ષાને અર્થે યા પ્રારબ્ધ ભોગ કરાવવા અર્થે પ્રભુ વિલમ્બ કરે ત્યારેય) પણ કોઈ (લૌકિક નથી તેવી યા ભગવાનના અર્થેની) પણ (આવી સ્થિતિમાં મારું શું થશે ! તેવા પ્રકારની) ચિન્તા નહીં કરવી, કારણ કે (પરીક્ષાને અર્થે યા પ્રારબ્ધ ભોગાર્થ ભગવાન વિલમ્બ કરે ત્યારે લૌકિક યા ભગવદર્થ ચિન્તા ન કરવામાં બન્નેમાં એક જ કારણ છે તે કારણ જણાવે છે -) ભગવાન્ પ્રભુ શ્રીકૃષ્ણ પણ (પણ-એટલે ભગવાન પણ અને જીવ પણ બન્ને) પુષ્ટિમાં સ્થિતિ કરેલ છે (તેથી) લૌકિક-લોકસમ્બન્ધવાળી અને વૈદિકી-વેદમાં કહેવાયેલી ગતિ (અથવા-લોક સમાન એટલે કે જેમ લૌકિકમાં સેવકની કુટુમ્બ વગેરેમાં આસક્તિ જોઈ તેના સ્વામી સેવકમાં ઉદાસીન થાય છે તે પ્રકારની લૌકિકી અને વૈદિકી એટલે સાધન

સાપેક્ષતાવાળી રીતિ ભગવાન પોતાની પણ) નહીં કરશે **॥ ૧ ॥**

આ પ્રમાણે લૌકિક તથા સેવા વિષયની ચિન્તા ન રાખતાં જીવમાં સ્વચ્છન્દતા આવી બહિર્મુખતા આવી પડશે તેથી કહે છે -

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૨ ॥

અન્વય : તાદશૈઃ – તેવા, **જનૈઃ** – લોકોએ, **તુ** – તો, **નિવેદનમ્** – પોતે કરેલ નિવેદનનું, **સર્વથા** – સર્વ પ્રકારે, **સ્મર્તવ્યમ્** – સ્મરણ કરવું, **સર્વેશ્વરઃ** – સર્વના ઈશ્વર, **ચ** – અને, **સર્વાત્મા** – સર્વના આત્મરૂપ (ભગવાન્) **નિજેચ્છાતઃ** – પોતાની ઇચ્છાથી-સ્વવિચારિત જ, **કરિષ્યતિ** – કરશે ॥ **૨** ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – આ પ્રમાણે લૌકિક તથા સેવા વિષયની ચિન્તા ન રાખતાં જીવમાં સ્વચ્છન્દતા આવી બહિર્મુખતા આવી પડશે તેથી કહે છે - (સર્વદા સર્વાંશે હું અને આ બધું ભગવાનનું છે તેવા તદીયત્વના અનુસન્ધાને સેવામાં તત્પર રહેવાથી બહિર્મુખતા નહીં પ્રાપ્ત થાય, તે જણાવે છે -) તો પોતે કરેલ નિવેદનનું સર્વ પ્રકારે સ્મરણ કરવું (અને નિવેદનના સ્મરણપૂર્વક સેવામાં જ તત્પર રહેવું, જો કોઈ પણ પ્રકારે અને ક્યારેય પણ અશક્તિવશ સેવા વગેરે ન બને ત્યારે પણ તદીયતાનું અનુસન્ધાન તો સર્વદા સર્વ અંશે રાખવું એમ **તુ** શબ્દથી જણાવ્યું છે) (અથવા - **તાદશૈઃ જનૈઃ** એટલે જેમણે આત્મનિવેદન કરેલું છે અને તેનું જ અનુસન્ધાન રાખનારા છે તેવા લોકો સાથે રહી નિવેદનનું સ્મરણ કરવું- અનુસન્ધાન રાખવું, જે તેવા નથી તેમની આગળ પોતાનો નિવેદિત ભાવ ગુપ્ત રાખવો), (ક્યારેય અલૌકિક યા લૌકિક કાર્યની સિદ્ધિ અર્થે ભગવાનને પ્રાર્થના કરવી કે નહીં ? ત્યાં **ના** એમ કહે છે -) સર્વના ઈશ્વર (**સર્વ-** એટલે આત્મનિવેદન કરેલા બધાના, **ઈશ્વર**-એટલે સ્વામી) અને સર્વના આત્મરૂપ (ભગવાન્) (પ્રાર્થના કરવામાં આવે યા ન આવે, અઙ્ગીકૃત જીવના હિતમાં જે હશે તેજ) પોતાની ઇચ્છાથી-સ્વવિચારિત જ કરશે **॥ ૨ ॥**

ભગવાનને સમર્પણ કરાયેલા દેહ વગેરેનો લૌકિક સ્ત્રી-પુત્ર વગેરેમાં વિનિયોગ થવાથી સ્વધર્મની હાનિ થશે તેવી ચિન્તાના નિવારણ માટે કહે છે -

સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોડન્યવિનિયોગેડપિ ચિન્તા કા સ્વસ્ય સોડપિ ચેત્ ॥ ૩ ॥

અન્વય : સર્વેષામ્ – બધાનો જ, **પ્રભુસમ્બન્ધઃ**– પ્રભુ સમ્બન્ધ રહેલો છે, **પ્રત્યેકમ્** – પ્રતિ એક-એકને, **ન** – નથી, **ઈતિ** – એમ, **સ્થિતિઃ** – નિવેદન કરાતાં ભગવદઙ્ગીકારની આ મર્યાદા છે, **અતઃ** – તેથી પોતાનો **અન્ય વિનિયોગે**– અન્ય વિનિયોગ થાય ત્યારે, **અપિ** – પણ (તેમજ), **ચેત્** – જો, **સ્વસ્ય** – પોતાનો , **સઃ** – તે, **અપિ** – પણ, **કા** – કેવી, **ચિન્તા** – ચિન્તા ! **॥ ૩ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – (પોતાના આત્મા સહિત જે કોઈ પણ નિવેદન કરાયેલા છે-નિવેદનમાં ગણાવ્યા છે તે બધા સાથે જ પોતાનો અંગીકાર હોવાથી તે) બધાનો જ પ્રભુસમ્બન્ધ રહેલો છે, પ્રતિ એક-એકને (અલગ-અલગ થતો હોય તેમ) નથી (નિવેદનમાં પોતાના પ્રાધાન્યે પોતાનો જ સમ્બન્ધ છે તેમ નથી) એમ નિવેદન કરાતાં ભગવદઙ્ગીકારની આ મર્યાદા છે (કોઈકનો વિશેષ પ્રકારે અંગીકાર થાય તો તે પુષ્ટિ સમજવું), તેથી (નિવેદિત પુત્રાદિનો નિવેદિતથી અલગમાં સંસર્ગ વગેરે રૂપમાં) અન્ય વિનિયોગ થાય ત્યારે પણ (તેમજ) જો પોતાનો તે (પુત્રાદિમાં અન્ય વિનિયોગ થાય તો ત્યારે) પણ કેવી ચિન્તા ! (પુત્રાદિ નિવેદિત છે તેથી તેમનો અંગીકાર છે જ અને તેવા નિવેદિતોમાં પોતાનો વિનિયોગ થાય ત્યારે પણ પરસ્પર નિવેદિતોના વ્યવહારથી ચિન્તાનું કોઈ કારણ નથી) **॥ ૩ ॥**

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥

અન્વય : અજ્ઞાનાત્ – અજ્ઞાનપૂર્વક (હીનાધિકારી વડે), **અથવા** – અથવા, **જ્ઞાનાત્** – જ્ઞાનપૂર્વક (મધ્યમાધિકારી વડે), **આત્મનિવેદનમ્**

– આત્મનિવેદન, **કૃતમ્** – કરાયું છે, **યૈઃ** – જેમણે, **કૃષ્ણસાત્કૃતપ્રાણૈઃ** – પોતાના પ્રાણો કૃષ્ણમાં જ જોડેલા છે, **તેષામ્** – તેમને, **કા** – કેવી-શા માટે, **પરિદેવના** – ચિન્તા ? **॥ ૪॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – (આ માર્ગમાં પ્રભુનું સ્વરૂપ, આ માર્ગના ગુરુનું સ્વરૂપ, નિવેદન કરનાર જીવનું પોતાનું સ્વરૂપ અને કરાઈ રહેલા નિવેદનનું સ્વરૂપ એમ ચારના) અજ્ઞાનપૂર્વક (હીનાધિકારી વડે) અથવા (ઉપર જણાવેલા ચારેના) જ્ઞાનપૂર્વક (મધ્યમાધિકારી વડે) આત્મનિવેદન કરાયું છે (ત્યારે પણ તેમને માટે જો કોઈ ચિન્તાનો વિષય નથી રહેતો તો પછી) જેમણે પોતાના પ્રાણો કૃષ્ણમાં જ જોડેલા છે (કૃષ્ણને આધીન કરી રાખ્યા છે તેવા ઉત્તમાધિકારી છે) તેમને કેવી-શા માટે ચિન્તા ? (કરવાનું કારણ છે ?) **॥ ૪॥**

(ભગવાન જ્યારે અંગીકાર કરે ત્યારે જ સખ્ય અને આત્મનિવેદન એમ બે ભક્તિ સિદ્ધ થાય છે, તેમજ પોતે આત્મનિવેદન કર્યું હોવા છતાં પણ તે નિવેદનનો પ્રભુએ અંગીકાર કર્યો કે નહીં તેવી ચિન્તા થાય, તે બાબત કહે છે-)

તથા નિવેદને ચિન્તા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે।
વિનિયોગેડપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ॥ ૫ ॥

અન્વય : નિવેદને – નિવેદન વિષયમાં, **શ્રીપુરુષોત્તમે** – ભક્તસહિત એવા શ્રીપુરુષોત્તમમાં, **ચિન્તા** – ચિન્તા, **ત્યાજ્યા** – છોડવી, **તથા** – તેમજ, **અન્યવિનિયોગે** – અન્ય વિનિયોગ થાય, **અપિ** – ત્યારે પણ, **સા** – તે-તેવી ચિન્તા, **ત્યાજ્યા** – છોડવી, **હિ** – કારણ કે નક્કી જ, **હરિઃ** – પ્રભુ શ્રીકૃષ્ણ, **સ્વતઃ** – પોતે જ, **સમર્થઃ** – સમર્થ-સર્વશક્તિમાન્ છે **॥ ૫ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – (ભગવાન જ્યારે અંગીકાર કરે ત્યારે જ સખ્ય અને આત્મનિવેદન એમ બે ભક્તિ સિદ્ધ થાય છે, તેમજ પોતે આત્મનિવેદન કર્યું હોવા છતાં પણ તે નિવેદનનો પ્રભુએ અંગીકાર કર્યો કે નહીં તેવી ચિન્તા થાય, તે બાબત કહે છે -) (પોતાના વડે કરવામાં આવેલ) નિવેદન વિષયમાં ભક્તસહિત એવા શ્રીપુરુષોત્તમમાં (શ્રીપુરુષોત્તમે નિવેદનનો અંગીકાર કર્યો કે નહીં ? તેવી) ચિન્તા (જેમ નિવેદન બાબતની ચિન્તા નથી કરવાની તેમ અંગીકાર બાબતની પણ ચિન્તા) છોડવી, તેમજ (લોકભય વગેરે ઉપસ્થિત થતાં તેના નિવારણ અર્થે જીવસ્વભાવવશ પ્રમાદ થકી પોતાનો) અન્ય વિનિયોગ થાય (ભગવાનમાં-ભગવત્સેવામાં પોતાનો વિનિયોગ ન થતાં તેની વિરુદ્ધ અન્ય વિનિયોગ થતાં ભગવાને અંગીકાર કર્યો છે કે નહીં તેવો સન્દેહ થાય) ત્યારે પણ તે-તેવી (ચિન્તા) છોડવી, કારણ કે નક્કી જ પ્રભુ શ્રીકૃષ્ણ (સાધનની અપેક્ષા નહીં રાખતાં) પોતે જ કોઈ પણ પ્રકારે સાધન નહીં કરેલા અથવા વિપરીત સાધનવાળાઓનો પણ ઉદ્ધાર કરવા) સમર્થ-સર્વશક્તિમાન છે (બધા જ દોષોને પ્રભુ દૂર કરનારા છે અને તેમાં સાધન નિરપેક્ષ ભગવાન છે તેમ અનુસન્ધાન રાખી ચિન્તા ત્યાગવી) (આ પ્રમાણે દીનભાવની ઉત્પત્તિએ અંગીકારનું એક લક્ષણ છે) **॥ ૫ ॥**

અંગીકારનું બીજું લક્ષણ જણાવે છે -

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાડખિલાઃ ॥ ૬ ॥

અન્વય : યસ્માત્ – કારણ કે, **પુષ્ટિમાર્ગસ્થિતઃ** – પુષ્ટિમાર્ગમાં સ્થિતિ (વાળો) છે (તેથી) **હરિઃ** – સર્વદુઃખહર્તા ભગવાન્-શ્રીકૃષ્ણ, **લોકે** – વ્યાપાર વગેરે લોકમાં, **તથા** – તેમજ, **વેદે** – આશ્રમધર્માદિ વેદમાં, **સ્વાસ્થ્યમ્** – કુશલક્ષેમ , **તુ** – તો, **ન** – નહીં, **કરિષ્યતિ** – કરશે, **અખિલાઃ** – તમે બધા, **સાક્ષિણઃ** – સાક્ષી, **ભવત** – થાઓ **॥ ૬ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – અંગીકારનું બીજું લક્ષણ જણાવે છે - (ક્યારેક પ્રવાહવશ વ્યાપાર વગેરે લૌકિકમાં અંગીકૃત જીવ સ્થિતિ કરવાવાળો થાય ત્યારે પણ તેને લૌકિક-વૈદિકમાં વિઘ્ન જ થશે, તેનું કોઈ બીજું લૌકિક-વૈદિક ફલ નહીં થશે-) કારણ કે (પ્રભુ શ્રીકૃષ્ણ-અથવા જીવનો અંગીકાર) પુષ્ટિમાર્ગમાં સ્થિતિ (વાળો) છે (તેથી) સર્વદુઃખહર્તા ભગવાન્ શ્રીકૃષ્ણ વ્યાપાર વગેરે લોકમાં તેમજ

આશ્રમધર્માદિ વેદમાં કુશલક્ષેમ તો નહીં કરશે (તેથી લૌકિક-વૈદિકમાં જે ઘટે તેમાં ભગવત્કૃતિનો વિચાર કરી તે બાબતમાં) તમે બધા સાક્ષી થાઓ (લૌકિક-વૈદિક બાબતમાં અસ્વાસ્થ્ય-કુશલક્ષેમનો અભાવ અનુભવ થતાં તેવી સ્થિતિમાં ભગવાનની કૃપા-અનુગ્રહને જોતાં સાક્ષી બનો, આ પ્રકારના સાક્ષીભાવનું ચિત્તમાં અનુસન્ધાન થવું એ ભગવદંગીકારનું લક્ષણ છે **॥ ૬ ॥**

(લૌકિક-વૈદિકમાં સ્થિતિ થાય ત્યારે તો સારી રીતે સેવાનો નિર્વાહ અસંભવ હોવાથી કરેલું નિવેદન વ્યર્થ જ થઈ જાય અને તેથી સ્વધર્મહાનિ થાય ? તેવી ચિન્તાની નિવૃત્તિ અર્થે કહે છે -)

સેવાકૃતિઃ ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥ ૭ ॥

અન્વય : ગુરોઃ – ગુરુની, **આજ્ઞા** – આજ્ઞા મુજબ, **સેવાકૃતિઃ** – સેવાના કાર્યો (કરવા), **વા** – અથવા, **બાધનમ્** – ક્યારેક ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ હોય તેવી કોઈ વિશેષ ભગવદાજ્ઞા થાય ત્યારે, **હરીચ્છયા** – ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છા-આજ્ઞા પ્રમાણે (સેવા કરવી), **અતઃ** – તેથી, **ચિત્તમ્** – ચિત્તને, **સેવાપરમ્** – સેવામાં પરાયણ, **વિધાય** – બનાવી રાખીને, **સુખમ્** – સુખે-સુખપૂર્વક, **સ્થીયતામ્** – રહો **॥ ૭ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – (લૌકિક-વૈદિકમાં સ્થિતિ થાય ત્યારે તો સારી રીતે સેવાનો નિર્વાહ અસંભવ હોવાથી કરેલું નિવેદન વ્યર્થ જ થઈ જાય અને તેથી સ્વધર્મહાનિ થાય ? તેવી ચિન્તાની નિવૃત્તિ અર્થે કહે છે-) ગુરુની આજ્ઞા મુજબ (ગુરુની આજ્ઞાને અબાધ રહી) સેવાના કાર્યો (કરવા) (એમ પૂર્વમાં-પ્રથમ અપેક્ષિત છે) અથવા ક્યારેક ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ હોય તેવી કોઈ વિશેષ ભગવદાજ્ઞા થાય ત્યારે ભગવાન શ્રીકૃષ્ણની ઈચ્છા-પ્રમાણે (સેવા કરવી) (આ પ્રમાણે ગુરુની આજ્ઞાને અબાધ રહી યા બાધા થઈને પણ સેવા જ મુખ્ય છે, આજ્ઞાનો બાધ-અબાધ મુખ્ય નથી) તેથી ચિત્તને સેવામાં પરાયણ બનાવી રાખીને સુખે-સુખપૂર્વક (જે પ્રકારે સુખપૂર્વક સેવા થાય તેમ) રહો **॥ ૭ ॥**

ક્યારેક પુત્ર વગેરેનો વિયોગ થવાની શંકાથી ઉત્પન્ન થનાર દુઃખના કારણે ચિન્તા સંભવે ત્યારે શું ગતિ ? તે કહે છે -

(જે અવશ્યંભાવિ છે તેવા દુઃખદ પ્રસંગોનો પ્રતીકાર કરવો - થવો શક્ય નથી તેવા પ્રસંગે ચિત્તના સમાધાનથી ઈતર બીજો કોઈ ઉપાય નહીં હોવાથી ચિત્ત સમાધાનરૂપ ઉપાયને કહે છે -)

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્-યદ્કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિન્તાં દ્રુતં ત્યજેત્ ॥ ૮ ॥

અન્વય : ચિત્તોદ્વેગમ્ – ચિત્તમાં ઉદ્વેગને, **વિધાય** – કરીને, **અપિ** – પણ, **હરિઃ** – પ્રભુ શ્રીકૃષ્ણ, **યત્-યત્** – જે-જે, **કરિષ્યતિ** – કરશે (તે) **તસ્ય** – તેમની, **તથા** – તેવી, **એવ** – જ, **લીલા** – લીલા છે, **ઈતિ** – એમ, **મત્વા** – માનીને-અનુચિન્તન કરીને, **ચિન્તામ્** – ચિન્તાને, **દ્રુતમ્** – શીઘ્ર જ -તત્કાળ, **ત્યજેત્** – છોડવી **॥ ૮ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – ક્યારેક પુત્ર વગેરેનો વિયોગ થવાની શંકાથી ઉત્પન્ન થનાર દુઃખના કારણે ચિન્તા સમ્ભવે ત્યારે શું ગતિ ? તે કહે છે - (જે અવશ્યંભાવિ છે તેવા દુઃખદ પ્રસંગોનો પ્રતીકાર કરવો-થવો શક્ય નથી તેવા પ્રસંગે ચિત્તના સમાધાનથી ઈતર બીજો કોઈ ઉપાય નહીં હોવાથી ચિત્તસમાધાનરૂપ ઉપાયને કહે છે -) ચિત્તમાં ઉદ્વેગને કરીને (અથવા નહીં કરીને પણ પ્રભુ શ્રીકૃષ્ણ મારા પાપોને-દોષોને દૂર કરવા શુભ-અશુભ રૂપે ઉપર-ઉપરની તે ક્ષણે પ્રતીયમાન જે-જે કરશે (તે) તેમની (અમારા ઈશ્વર-અમારા આત્મા એવા ભગવાનની) તેવી જ લીલા છે (આનન્દપૂર્વકની ક્રીડા છે) એમ માનીને-અનુચિન્તન કરીને (ઉદ્વેગ કરનારી અથવા ઉદ્વેગથી ઉત્પન્ન થયેલી અથવા ઉદ્વેગ સ્વરૂપની) ચિન્તાને (જો બહુ સમય ચિન્તા રહે તો તેથી કાલ-કર્મ-સ્વભાવ પ્રબળ થવાથી આસુર પ્રવેશરૂપ મહા ઉપદ્રવ સંભવ થઈને મુખ્ય ફલમાં પ્રતિબન્ધ અથવા વિલમ્બ થાય તેથી) શીઘ્ર જ - તત્કાળ છોડવી **॥ ૮ ॥**

ચિન્તા છોડવા માટે આ પહેલાં જેટલી પણ વાતો કહેવાઈ ગઈ તે

બધી જ વાતો અશક્ય જાણાય છે કારણ કે કાલ વગેરે કૃત ગુણક્ષોભ વડે ચિત્તનું સ્થિર થવું દુર્ઘટ છે તેથી આ ઉપદેશ આપ્યો ન આપ્યા બરાબર જ છે, તેમજ શ્રવણ ભક્તિથી આરંભી આઠમી સખ્ય ભક્તિ પર્યન્ત ગતિ થતાં પછી નવમા ક્રમે આત્મનિવેદન ભક્તિ છે, જ્યારે પહેલાંની આઠ ભક્તિમાં જ દરેક કઠણ છે ત્યાં જે અહીં આત્મનિવેદીના ધર્મો બતાવ્યા છે તે તો ઘણાં દૂર રહી જાય છે, તેવી સ્થિતિમાં નિવેદીએ ચિન્તા ન કરવી એ વાત અસ્થાને છે એમ શંકાની નિવૃત્તિ માટે સાધન-ફલ (**સાધન**-આઠ ભક્તિના પ્રકારો, **ફલ**-આત્મનિવેદન) બન્નેને સાથે રાખીને જાણાવે છે -

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥ ૯ ॥

અન્વય : તસ્માત્ – તેથી-તે કારાણે, **સર્વાત્મના** – સર્વ પ્રકારે, **નિત્યમ્** – નિરન્તર, **મમ** – મારું, **શ્રીકૃષ્ણઃ** – સ્વામિનીસહિત શ્રીકૃષ્ણ (જ), **શરણમ્** – શરાણ હો, **એવમ્** – એમ, **સતતમ્** – સતત, **વદદ્ભિઃ** – મુખથી બોલતાં, **એવ** – જ રહીને, **સ્થેયમ્** – સ્થિતિ કરવી-રહેવું, **ઈતિ** – એમ, **મે** – મારું, **મતિઃ** – માનવું છે ॥ ૯ ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – ચિન્તા છોડવા માટે આ પહેલાં જેટલી પણ વાતો કહેવાઈ ગઈ તે બધી જ વાતો અશક્ય જાણાય છે કારણ કે કાલ વગેરે કૃત ગુણક્ષોભ વડે ચિત્તનું સ્થિર થવું દુર્ઘટ છે તેથી આ ઉપદેશ આપ્યો ન આપ્યા બરાબર જ છે, તેમજ શ્રવણ ભક્તિથી આરંભી આઠમી સખ્ય ભક્તિ પર્યન્ત ગતિ થતાં પછી નવમા ક્રમે આત્મનિવેદન ભક્તિ છે, જ્યારે પહેલાંની આઠ ભક્તિમાં જ દરેક કઠણ છે ત્યાં જે અહીં આત્મનિવેદીના ધર્મો બતાવ્યા છે તે તો ઘણાં દૂર રહી જાય છે, તેવી સ્થિતિમાં નિવેદીએ ચિન્તા ન કરવી એ વાત અસ્થાને છે એમ શંકાની નિવૃત્તિ માટે સાધન-ફલ (**સાધન**-આઠ ભક્તિના પ્રકારો, **ફલ**-આત્મનિવેદન) બન્નેને સાથે રાખીને જાણાવે છે - તેથી-તે કારાણે (નવધાભક્તિમાં પ્રથમ શ્રવણ છે અને ગુરુમુખથી ભગવદ્વાચક પદવાક્યોનો શક્તિતાત્પર્ય નિર્ધાર થવો એ શ્રવણ છે અને સાંભળેલાનું જ કીર્તન તથા તેનું જ સ્મરણ છે અને આ પ્રકારે સર્વ જાણનાર ગુરુ મળવા દુર્લભ હોવાથી જ્યાં પ્રથમ સાધન શ્રવણ જ શક્ય નથી ત્યાં બીજી ભક્તિ રૂપ સાધનોની તો વાત જ ક્યાં કરવી અને જ્યાં સાધનની જ સમ્પન્નતા નથી ત્યાં ફલની તો વિચારણા જ કેવી રીતે ? (આવી સ્થિતિમાં-તેથી- તે કારાણે-) (ભક્તિમાર્ગીય સર્વ અંશોને વિચારતાં આવનારા પ્રતિબન્ધો અને તે દૂર કરવામાં પોતાની અસમર્થતા જોઈને) સર્વ પ્રકારે નિરન્તર મારું સ્વામિનીસહિત શ્રીકૃષ્ણ (જ) શરાણ હો એમ સતત (અન્તઃકરણમાં તેવો ભાવ રાખતાં અથવા તેવો ભાવ ન હોય ત્યારે પણ) મુખથી બોલતાં જ રહીને (સર્વ ચિન્તાઓથી રહિત થઈ અને ભગવત્સેવામાં પરાયણ બન્યા રહી) સ્થિતિ કરવી-રહેવું એમ મારું (શ્રીવલ્લભનું) માનવું છે ॥ ૯ ॥

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત નવરત્ન ગ્રન્થનો ગોસ્વામી ચન્દ્રગોપાલ દ્વારા કરાયેલ અન્વય-ટિપ્પણ-ભાવાર્થ સહિતનો અનુવાદ પૂર્ણ થયો ॥ ॥ श्रीमद्विठ्ठलेशः प्रसन्नोऽस्तु ॥

* * *